ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ)
(આદિજાતિ વિકાસ વિભાગ)
ત્રીજો માળ, બિરસા મુંડા ભવન, સેકટર 10એ
ગાંધીનગર - ૩૮૨૦૧૦

## શુધ્ધ ઠંડા પાણીના જગ (૨૦ લીટર)ની સેવા પુરી પાડવા અંગેના બીડ બાબત

1) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ), ગાંધીનગરની કચેરી ઉપયોગ માટે કચેરીના દર ચાલુ દિવસે અંદાજે ૦૫ શુધ્ધ ઠંડા પાણીના જગ (૧ જગમાં ૨૦ લીટર પાણી)ની જરૂરીયાત રહે છે, જેથી કચેરી ખાતે દરોજ અત્રેની સૂચના મુજબની સંખ્યાના શુધ્ધ ઠંડા પાણીના જગ પુરા પાડવા અને ખાલી થયેલ જગ પરત લેવાની સેવા લેવાની રહે છે.

2) ડિ-સેગની વેબસાઇટ: www.dsag.gujarat.gov.in પરથી બીડ મેળવી શકાશે. બીડ મેળવવાનો સમયગાળો તા. ૦૭/૦૭/૨૦૨૫ થી ૨૧/૦૭/૨૦૨૫ સુધીનો રહેશે. બીડ ભરવાની છેલ્લી તારીખ : ૨૧/૦૭/૨૦૨૫ના રોજ સાંજે ૦૬:૦૦ કલાક સુધીની રહેશે. બીડ બંધ કવરમાં મોકલવાના રહેશે અને કવર પર "શુધ્ધ ઠંડા પાણીના જગ (૨૦ લીટર)ની સેવા પુરી પાડવા બાબત" લખવાનું રહેશે તેમજ કવર ખોલવું નહીં તેવું લખીને મોકલવાનું રહેશે._સમયમર્યાદા બાદ મળેલ બીડ માન્ય ગણાશે નહી

3) સર્વિસ પ્રોવાઇડર દ્વારા શુધ્ધ ઠંડા પાણીના જગ (૧ જગમાં ૨૦ લીટર પાણી) ડિ-સેગ ખાતે સ્વ-ખર્ચે મોકલવાના રહેશે અને ખાલી જગ પરત લેવાના રહેશે. માંગણી મુજબના જગ સવારે ૦૯:૦૦ કલાક પહેલા કચેરીના સરનામે જરૂયાત મુજબ પુરા પાડવાના રહેશે. સર્વિસ પ્રોવાઇડર દ્વારા આ રીતે પુરી પડાતી સેવા માટે માનવબળ કે અન્ય કોઇ વધારાનો અલગથી કોઇ ચાર્જ / ફિ / મહેન્તાણું ડિ-સેગ દ્વારા આપવામાં આવશે નહીં

4) શુધ્ધ ઠંડા પાણીના જગની સેવાના કામમાં જે ખરાબ પાણીના જગ આવશે તો તેની રકમ બાદ કરીને બીલની રકમ ચુકવવામાં આવશે.

5) સર્વિસ પ્રોવાઇડર દ્વારા સેવા પુરી પાડવાના સંબંધમાં કુપન બુક / ડ્યુટી સ્લીપ / ચલણ રાખવાનું રહેશે. જેમાં પુરી પાડેલ સેવાના કામની નોંધ કરી, તેમાં સંબંધિત શાખાના અધિકારી/કર્મચારીનું નામ, સહી, હોદ્દો, તારીખ અને હેતુ સાથે મેળવી તેની નકલ બીલ સાથે અચુક રજુ કરવાની રહેશે.

6) આ કરાર આદેશ આપ્યેથી કરારનો સમયગાળો ૦૧ (એક) વર્ષ સુધી અમલમાં રહેશે.

7) ઉક્ત પુરી પાડવામાં આવતી સેવા બાબતે કરારના સમયગાળા દરમ્યાન દર માસે બીલ/ટેક્ષ ઇવોઇસ હાર્ડ કોપીમાં ડિ-સેગ કચેરી ખાતે મોકલવાનું રહેશે.

8) કરાર સંબંધિત કોઇપણ પ્રકારના સ્પર્શતા પ્રશ્નો અંગે કચેરીના મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.

9) સર્વિસ પ્રોવાઇડરની સેવા અસંતોષકારક જણાશે તો કોઇપણ જાતની આગોતરી નોટીસ આપ્યા વગર તાત્કાલીક અસરથી કરાર રદ કરવાની સત્તા કચેરીને અબાધિત રહેશે.

10) ચાલુ કરાર દરમિયાન કોઇપણ પ્રકારના ભાવ વધારો માન્ય રાખવામાં આવશે નહીં.

11) સર્વિસ પ્રોવાઇડર ગાંધીનગર મ્યુનીસપલ કોર્પોરેશન વિસ્તારમાં કાર્યરત હોવી જોઇએ જેના જરૂરી આધારો બીડમાં રજૂ કરવાના રહેશે.

12) કોઇપણ પ્રકારની કાનુની કાર્યવાહી ગાંધીનગર કોર્ટની હુકુમતને આધિન રહેશે.

13) ટેકનિકલ બીડ અને ફાઇનાન્સિયલ બીડમાં નીચે મુજબના જરૂરી આધારો-પુરાવાઓ બીડમાં રજૂ કરવાના રહેશે :

## ટેકનિકલ ઇવેલ્યુએશન માટેના ક્રાઇટેરીયા અને રજૂ કરવાના આધાર – પુરાવા

| ક્રમ | ક્રાઇટેરીયા | રજૂ કરવાના આધાર – પુરાવા |
|---|---|---|
| ૧ | સર્વિસ પ્રોવાઇડરની સંસ્થા ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કાર્યરત/હયાતી હોવી જોઇએ. | ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ઇસ્યુ થયેલ નોંધણી પ્રમાણપત્ર / MSME સર્ટીફિકેટ / GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ certificateની નકલ બીડમાં રજૂ કરવી |
| ૨ | PAN / GST registration certificate | PAN / GST registration certificateની નકલ બીડમાં રજૂ કરવી |

## ફાઇનાન્સિયલ બીડ

## નીચે મુજબના નિયત નમુનામાં ભાવ ભરવાના રહેશે

| ક્રમ | વિગત | ઇજારદાર દ્વારા ભરેલ ભાવ રકમ રૂપિયા ટેક્ષા સાથે (સંખ્યા અને રકમ બન્ને લખવું) |
|---|---|---|
| ૧ | શુધ્ધ ઠંડા પાણીના જગ (૧ જગમાં ૨૦ લીટર પાણી)નો ભાવ રકમ રૂપિયા | |

**ઇજારદારના સહી અને સિક્કા**